Extra No. 93

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, APRIL 2, 2026 / CHAITRA 12, 1948

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તારીખઃ ૪થી ફેબ્રુઆરી, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચએમ/૨૦૨૬/૪૩/આરડી/જીએસએ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૫/૫૩૧૫/એચ૧-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Under

The Gujarat Stamp Act, 1958

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ

જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૨૦૨૬

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક. જીએચએમ/૨૦૨૬/૪૩/આરડી/જીએસએ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૫/૫૩૧૫/એચ૧:- ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ ૧૦ક થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આદેશ કરે છે કે કોઈપણ વૈધાનિક મંડળો, સંસ્થા, સ્થાનિક સ્વરાજ્ય, અર્ધ-સરકારી તંત્ર (ઓર્ગેનાઈઝેશન), બેન્કિંગ અથવા નોન-બેન્કિંગ નાણાકીય સંસ્થા અથવા રાજ્ય સરકારની માલિકીના, તેના દ્વારા નિયંત્રિત અથવા તેના દ્વારા મોટા પ્રમાણમાં નાણા મેળવતા કોઈ મંડળ અથવા તેના કોઈ વર્ગે, જે ખત (લેખ)માં આવું સત્તામંડળ અથવા સંસ્થા અથવા મંડળ વગેરે પક્ષકાર હોય અથવા આવા સત્તામંડળ, સંસ્થા અથવા મંડળ વગેરેની તરફેણમાં જેનાથી હક ઉભો થતો હોય તેવા, ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮માં જોડેલી અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કર્યા મુજબ ખતો(લેખો)ના સંબંધમાં ગુજરાત સ્ટેમ્પ (ઈ-સ્ટેમ્પના માધ્યમથી ડ્યુટીની ચૂકવણી) નિયમો, ૨૦૧૪ અને ગુજરાત રાજ્ય સ્ટેમ્પ ડ્યુટી ઈ-ચૂકવણી નિયમો, ૨૦૧૭ હેઠળ ઠરાવ્યા પ્રમાણેની યોગ્ય ડ્યુટી રાજ્ય સરકારને ચૂકવવામાં આવી છે તે સુનિશ્ચિત કરવું જોઈશે.

વધુમાં-

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮માં જોડેલી અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલા ખતો (લેખો) પર, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શેરો કરવાના હેતુ માટે,-

(૧) બેન્કિંગ અથવા નોન-બેન્કિંગ નાણાકીય સંસ્થાએ પોસ્ટ-વાઈઝ (જગા મુજબ) મેનેજર અથવા આસિસ્ટન્ટ મેનજર અથવા બ્રાંચ મેનેજરને અધિકૃત કરવા જોઈશે; અને

(૨) રાજ્ય સરકારની માલિકીના, તેના દ્વારા નિયંત્રિત અથવા તેના દ્વારા મોટા પ્રમાણમાં નાણા મેળવતા મંડળે અથવા તેના કોઈ વર્ગે, ઓફિસ સુપરિંટેંડન્ટ(કચેરી અધીક્ષક) અથવા વર્ગ-૨ના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને યોગ્ય અધિકારી તરીકે અધિકૃત કરવા જોઈશે:-

પરંતુ આવી અધિકૃતતા કરવામાં આવી ન હોય, તો સંબંધિત કચેરી અથવા સંસ્થા અથવા તંત્રની શાખાના વડાએ, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શેરો કરવો જોઈશે.

અનુસૂચિ

//શેરો (એન્ડોર્સમેન્ટ)//

રૂ. ..... ની સ્ટેમ્પ ડ્યુટી સાથે આ કચેરી ખાતે રજૂ કરેલ ખતની તારીખ.....ના રોજ ઈ-ચલણ નંબર./ઈ-સ્ટેમ્પ નંબર. ..... થી ચૂકવણી કરેલ છે.

સ્થળ: ..... કચેરીની મહોર અધિકારીની સહી

તારીખ: .....

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રેરક જે. પટેલ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.06.05 10:14:14 IST